# ‘ચલો સ્કુલ ચલે હમ’ના અભિયાનમાં નિરસતા

**શહેરમાં શાળાઓ ખુલતા પ્રથમ દિવસે માત્ર ૩૫ ટકા વિદ્યાર્થીઓની જ હાજરી : કોરોના કાળમાં લાંબા સમયથી સુનકાર ભાસતા શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓની હાજરીથી રોનક જોવા મળી  શહેર અને જિલ્લામાંથી માત્ર ૮ હજાર વિદ્યાર્થીઓ જ શાળાના પગથિયા ચઢયા  : વૈદિક મંત્રોચ્ચાર, પ્રાર્થના અને તાળીઆના ગડગડાથી વિદ્યાર્થીઓનુ સ્વાગત કરાયુ : વર્ગખંડોમાં મર્યાદિત સંખ્યામાં જ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા : વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સેનેટાઇઝરના ઉપયોગ સાથે ટેમ્પ્રેચર માપીને પ્રવેશ અપાયો**

ગાંધીનગર તા ૧૧

સમગ્ર દુનિયામાં કોરોનાના કહેર વચ્ચે વેપાર ધંધાઓ પણ માંડ પાટે ચઢી રહ્યા છે. ત્યારે શાળા કોલેજો પણ છેલ્લા ૧૦ મહીનાથી બંધ જોવા મળી હતી ઓનલાઈન શિક્ષણના સથવારે શૈક્ષણિક કામગીરી ચાલતી હતી જયારે આજથી શાળાઓ ખુલતા વિદ્યાર્થીઓ લાંબા સમયના અંતે સજ્જ થઈને શાળાએ જતા નજરે પડયા હતા પરંતુ કોરોનાના કપરા સમયમાં શાળાએ જવા માટે હજુ વિદ્યાર્થીઓમાં નિરસતા જોવા મળી રહી છે. આજે શાળાઓ શરૂ થઈ હતી પરંતુ નગરની શાળાઓમાં અંદાજિત ૩૫ ટકા વિદ્યાર્થીઓની જ હાજરી જોવા મળી હતી. શાળાઓમાં પ્રાર્થના અને વૈદિક



અંદાજિત ૮ હજાર જેટલા વિદ્યાર્થીઓ શાળાના પગથિયા ચઢયા હતા.

કોરોના કાળમાં લાંબા સમયના અંતે આજથી શાળાઓ મંત્રોચ્ચાર સાથે તાળીઓના ગડગડાટથી વિદ્યાર્થીઓને વેલકમ કરાયુ હતુ. જયારે કોરાનાથી બચવા માટે વિદ્યાર્થીઓના વર્ગખંડમાં સોશિયલ ડીસ્ટન્સીંગ શાળાઓમાં પણ વિદ્યાર્થીઓની અવરજવર જોવા મળી હતી. શાળા સંકુલના દરવાજાથી શરૂ કરીને વર્ગખંડ સુધી કોરોનાને અનુલક્ષી જરૂરી તમામ બાબતોએ

### શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરીના કારણો

- કોરોનાના ભયના લીધે હજુ વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવા રાજી નથી
- વાલીઓ કમુર્હતામાં વિદ્યાર્થીને શાળાએ મોકલવાનુ પસંદ કરતા નથી
- આગળ ઉતરાયણ છે જેથી પતંગોત્સવ બાદ શાળાએ જવાનુ વિચારે છે.
- વાલીઓ વેઈટ એન્ડ વોચના મોડમાં છે આગળ પરિસ્થિતિ જોઈને નિર્ણય લેશે
- કેટલાક વાલીઓ આ વર્ષે ઓનલાઈન શિક્ષણથી જ ઘરેબેઠા અભ્યાસ કરાવવા ઈચ્છે છે
- પાસ પડોશમાં અન્ય વિદ્યાર્થીઓને પોતાના અનુભવ અંગે જાણકારી મેળવી ને પણ નિર્ણય લઈ રહ્યા છે
- કેટલાક માને છે વર્ષ તો પુરુ થવા આવ્યુ હવે શુ શાળાએ જવાનુ બધુ ઘરે જ ભણી લેવાશે

ખુલી હતી. છેલ્લા ૧૦ મહીનાથી વેરાન ભાસતા શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજતો જોવા મળ્યો હતો નગરની તેમજ માસ્કના ઉપયોગ ઉપરાંત ટેમ્પ્રેચર ગનનો પણ ઉપયોગ કરાયો હતો. સમગ્ર જિલ્લામાંથી પ્રથમ દિવસે ધો -૧૦ અને ૧૨ના તકેદારી રાખવામાં આવી હતી. શાળાના ગેટ પર થર્મલ ગન દ્વારા વિદ્યાર્થીઓનુ ટેમ્પ્રેચર માપવામાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં પ્રથમ દિવસે ૯૦૦ ફ્રન્ટ લાઈન વર્કર્સનું વેક્સીનેશન કરાશે

**ગ્રામ્ય વિસ્તારમાં ૬૦૦ અને શહેરમાં ૩૦૦ વર્કર્સને સમાવવામાં આવશે : કલેક્ટરે પંચાયતના વેક્સીન સ્ટોરની મુલાકાત લીધી**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં પ્રથમ દિવસે ૯૦૦ જેટલા આરોગ્ય કર્મયોગીઓને વેકસીનેશન કરવામાં આવશે.

૧૬મી જાન્યુઆરીથી શરૂ થઈ રહેલા કોરોના વેક્સીનેશનનો જથ્થો આજે બપોરે જિલ્લાને ઉપલબ્ધ થશે. એરપોર્ટ આ જથ્થો આવ્યા બાદ ગ્રીન કોરિડોરમાં જથ્થો ગાંધીનગર સ્થિત વિભાગીય નિયામકની કચેરી ખાતે લાવવામાં આવશે અને ત્યાંથી જિલ્લાઓને તેની ફાળવણી કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ૧૬ હજાર જેટલા ફ્રન્ટ લાઈન વર્કર્સ નોંધાયા છે. પ્રથમ તબક્કામાં આ લોકોનું વેકસીનેશન કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં ૧૨ સેન્ટર વેકસીનેશન માટે તૈયાર કરવામાં આવ્યા છે. જેમાંથી નવ ગ્રામ્ય વિસ્તારમાં છે અને ૩ શહેરી વિસ્તારમાં આવેલા છે.

વેક્સીનેશનમાં પ્રથમ દિવસે જેમનુ વેક્સીનેશન કરવામાં આવશે તેમને ૧૫મીના સાંજે એસ.એમ.એસ.થી જાણ કરવામાં આવશે.

૧૭મીએ પલ્સ પોલિયો અભિયાન હોવાથી એ દિવસે વેક્સીનેશન થશે નહિ આ પછી ૨૦મીથી વેક્સીનેશનનો કાર્યક્રમ આગળ વધશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. પ્રધાનમંત્રી મોદી દિલ્હી ખાતે વેક્સીનેશનનું લોન્ચીંગ કર્યા બાદ ટુ વે ઓડિયો સિસ્ટમથી વેક્સીનેશન સેન્ટરો સાથે જોડાશે અને લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરશે. તંત્ર દ્વારા આ માટેની તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



આગામી દિવસોમાં આવી રહેલ કોરોનાની રસી અંતર્ગત કોરોનાની રસીની જાળવણી અને સંગ્રહ કરવાની તમામ પ્રક્રિયાની જાણકારી મેળવવા ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ.કુલદીપ આર્યએ રૂબરૂ જિલ્લા વેક્સીન સ્ટ્રોરની મુલાકાત લીઘી હતી. કલેક્ટરશ્રી દ્વારા વેક્સીન જાળવણી અને સંગ્રહ કરવા માટે વપરાતા ILR ફ્રીઝનું, ડિપ ફ્રીઝ, કોલ્ડ બોક્સ, AD સીરીંઝ તેમજ રિઝયોનલ વેક્સીન સ્ટોર પરથી જિલ્લા વેક્સીન સ્ટોર પર તેમજ જિલ્લામાંથી કોલ્ડ ચેઈન પોઈન્ટ પર નિયત તાપમાને રસી પહોંચાડવા ઉપયોગમાં લેવાનાર ઈન્સ્યુલેટેડ વેક્સીન વાનનું પણ નિરિક્ષણ કર્યું હતું. મુલાકાત દરમ્યાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.એમ.એચ.સોલંકી, જિલ્લા રસીકરણ અધિકારીશ્રી ડૉ. હરેશ નાયક તેમજ જિલ્લા ફાર્માસીસ્ટશ્રી જાદવભાઈ ની ઉપસ્થિતિ રહ્યા હતાં.

# આજથી ૩૩ હજારથી વધુ આરોગ્યના ક્ષેત્રીય કર્મયોગીઓ હડતાલ પર જશે

**મંત્રણામાં કોઈજ સાનુકૂળ પ્રતિસાદ ન સાંપડતા દુઃખ સાથે હડતાલનો નિર્ણય લેવો પડ્યો છે : આગેવાનો**

ગાંધીનગર, તા. ૧૧

આરોગ્ય વિભાગના અધિકારીઓ અને આરોગ્ય કર્મચારી મહાસંઘના આગેવાનો વચ્ચે આજે યોજાયેલી મંત્રણાઓ પડી ભાંગતા ૧૨મી જાન્યુઆરીથી રાજયભરના ૩૩ હજાર જેટલા ક્ષેત્રીય આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર જશે.

આરોગ્ય કર્મચારી મહાસંઘના કન્વીનર સુરેશભાઈ ગામીત, મહામંત્રી વજુભા જાડેજા અને પ્રમુખ કીરીટસિંહ ચાવડાએ આજે મંત્રણાઓ નિષ્ફળ જતાં અચોક્કસ મુદતની હડતાલ પર જવાના નિર્ણયની જાહેરાત કરી છે તેમજ દરરોજ ૫૦ જેટલા કર્મયોગીઓ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતીક ઉપવાસ સાથે ધરણા અને દેખાવો કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન સાથે કરશે.


તેમણે કહ્યુ કે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિની અધ્યક્ષતામાં વાતચીતો આરંભાઈ હતી પરંતુ કોઈ સાનુકૂળ પ્રતિસાદ વાતચીતમાં જોવા ન મળતાં મંત્રણા તુટી પડી હતી અને ના છૂટકે બપોરે અચોક્કસ મુદતની હડતાલનો નિર્ણય લેવો પડ્યો છે.


આ આગેવાનોએ જણાવ્યુ હતુ કે કોવિડ-૧૯ના સંક્રમણના કપરા દિવસોમાં અમે શનિ-રવિની રજાના દિવસો જોયા વિના ફરજો બજાવી છે. અમારા સાથીઓએ તેમના પ્રાણની આહુતિ પણ આ સમય દરમ્યાન આપી છે.

આ આગેવાનોએ એમ પણ જણાવ્યુ છે કે કોવિડ-૧૯ અંતર્ગત આરોગ્યની વિવિધ કેડરના કર્મયોગીઓ અસહકાર દાખવી ૧૬મીથી શરૂ થઈ રહેલા રસીકરણનો પણ બહિષ્કાર કરશે એટલુ જ નહિ રસી લેશે પણ નહિ.

તેમના પ્રશ્નો અંગે તેમણે જણાવ્યુ હતુ કે આરોગ્ય સેવાના

● અનુસંધાન પાન-૭ પર





સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિતે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા  કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ દિવસે રાષ્ટ્રીય યુવા દિવસની પણ ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે વિવિધ ક્ષેત્રની યુવા પ્રતિભાઓને એવોર્ડ એનાયત કરવામાં આવનાર છે. જેને અનુલક્ષી વિધાનસભા સંકુલમાં પણ સ્વામી વિવેકાનંદની પ્રતિમા મુકીને રોશનીની જગમાગટ કરવામાં આવી છે. ઓનલાઈન એવોર્ડ સમારોહનુ આયોજન કરવામાં આવનાર છે. મુખ્યમંત્રીની હાજરીમાં આ ઓનલાઈન કાર્યક્રમ યોજાશે જયારે સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે યોજનારા કાર્યક્રમને અનુલક્ષી વિધાનસભા સંકુલમાં ભવ્ય રોશની કરવામાં આવી છે.

# ગાંધીનગર તાલુકા પંચાયતના બજેટમાં ૧ કરોડ ૬૯ લાખની પુરાંત દર્શાવાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકા પંચાયતનુ આજે રૂ. ૧ કરોડ ૬૯ લાખથી વધુનું પુરાંત ધરાવતુ બજેટ સામાન્ય સભામાં ચર્ચા-વિચારણા બાદ જિલ્લામાં અવલોકન માટે મોકલી આપવામાં આવ્યુ છે.

તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલ આજની સામાન્ય સભામાં દિવંગત પૂર્વ ભુ.મંત્રી માધવસિંહ સોલંકીને શ્રધ્ધાંજલિ આપતો પ્રસ્તાવ પસાર કરી અને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

આજે રજુ કરાયેલ અંદાજપત્રમાં નવ કરોડ ૪૩ લાખથી વધુ આવકનો અંદાજ સેવવામાં આવ્યો છે. તેની સામે ૭ કરોડ ૭૪ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ૧૭ ટકા બચત સાથે પુરાંત ધરાવતુ અંદાજપત્ર રજુ કરવામાં આવ્યુ હતુ.

આ અંદાજપત્રમાં સભ્યોને વિસ્તાર વિકાસ માટે અપાતી ગ્રાન્ટમાં કાપ મુકીને તે જોગવાઈ ૪.૫૦ કરોડ કરવામાં આવી છે.

સ્વચ્છતા અભિયાનને વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા માટે રૂ. ૧૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

બજેટ સર્વ સમાવેશક હોવાનો દાવો પ્રમુખ ગોપાલજી ઠાકોર અને કારોબારી ચેરમેન

### સર્વસમાવેશક જનકલ્યાણ અને વિકાસને અગ્રતા આપી છે : ગોપાળજી-વનીતાબેન

પ્રાધાન્ય આપતાં ગામ-ગામ વચ્ચે અને શાળાઓ વચ્ચે સફાઈ સ્પર્ધાઓનું આયોજન કરવાની જાહેરાત સાથે, રાજીવ ગાંધી રોજગાર ઋણ યોજનાના અમલની પણ જાહેરાત કરવામાં આવી છે.

પશુપાલન ક્ષેત્રે રૂ. પાંચ લાખની જોગવાઈ, કૃષિક્ષેત્રે રૂ. ૧૫ લાખ, શિક્ષણ ક્ષેત્રે રૂ. પાંચ લાખ, આંગણવાડી વિકાસ પ્રવૃતિ અને ખૂટતી સુવિધા માટે રૂ. ૪૦ લાખ, જન સુખાકારી અને આરોગ્ય માટે રૂ. ૪ લાખ તેમજ ગ્રામીણ વનીતાબેન સોલંકીએ કર્યો છે.

તેમણે કહ્યુ કે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદીના પાણીના નિકાલ માટે, ગ્રામ સફાઈ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સિસ્ટમ માટે ૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

જિલ્લાના ૧૯ ગામોને અમદાવાદ-ગાંધીનગરમાં સમાવવામાં આવતાં આવકમાં ઘટાડો થયો છે આમ છતાં લોક-કલ્યાણ અને વિકાસને આગળ ધપાવનારૂ બજેટ અમે રજુ કર્યુ છે.

# જિલ્લા અને શહેરમાં નવા ૮-૮ કેસ

**ઉનાવાની પાંચ વર્ષની દિકરી સહિત તાલુકામાં ૬ કેસ : માણસા-દહેગામમાં ૧-૧ કેસ : સે. ૩ માં ૨ કેસ ઉપરાંત સે. ૨, ૪, ૫, ૬, ૨૨ અને ઈન્દ્રોડા ગામેથી કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર નોંધાઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસ બાદ આજે કેસો ૧૫ કરતાં પણ વધતાં તંત્ર સતર્ક થઈ ગયુ છે.

જિલ્લામાં આજે ૧૬ કેસ નોંધાયા છે. શહેર અને જિલ્લામાં ૮-૮ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં કોરોના બેફામ બનેલો છે તેણે પણ તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર તાલુકામાં ઉનાવા ગામે પાંચ વર્ષની નાની દિકરી સહિત આજે ૬ કેસ નોંધાયા છે જ્યારે દહેગામ અને માણસામાં એક-એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં આજે ઉનાવા ગામે ૩ કેસ નોંધાયા છે જેમાં એક પાંચ વર્ષની દિકરી સંક્રમિત થઈ છે. આ ઉપરાંત વાસણા હડમતિયા, કુડાસણ, રાંદેસણમાંથી પણ કેસ મળી આવેલ છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માણસા અર્બનમાંથી ૫૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કુડાસણની ૬૩ વર્ષીય મહિલાને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૮૩૫ દર્દીઓ કોરનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે માત્ર ૬૭ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૫૦ થી વધુ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૮૯૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં સતત બે દિવસ ૬-૬ કેસ નોંધાયા બાદ આજે ૮ કેસ કોરોનાના મળી આવતાં તંત્રએ તમામ મેડીકલ ઓફિસરોને સતર્ક રહેવા તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા ૮ કેસમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. કોરોના માટે સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો બહાર આવી રહ્યા છે તેમજ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે.

આજે સંક્રમિત થનારાઓમાં મહેસુલ વિભાગના અધિકારી, મહેસુલ વિભાગના સેકશન ઓફિસર, ભાટની સરકારી પ્રા. શાળાના આચાર્યનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૩ માંથી વધુ ૨ કેસ મળવા ઉપરાંત સે. ૨, ૪, ૫ , ૬, ૨૨ તેમજ ઈન્દ્રોડા ગામેથી કેસો મળી આવેલ છે. આજે શહેરમાં નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com